**સરકારી અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓને મોબાઇલ સીમ કાર્ડની સુવિધા આપવા બાબત.**

YEARS OF CELEBRATING THE MAHATMA

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૬/૮૪૨/ઘ-પાર્ટ ફાઇલ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૦૧-૦૩-૨૦૧૯

વંચાણે લીધા : (૧) સા.વ.વિ./પ્રોટોકોલના તા. ૨૨-૦૩-૨૦૦૬, તા. ૦૪-૧૧-૨૦૦૮ અને તા. ૨૦-૦૧-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૩/૧૪૭૮/ઘ,

(૨) સા.વ.વિ./પ્રોટોકોલના તા. ૦૩-૧૧-૨૦૧૨, તા. ૦૯-૧૨-૨૦૧૪, તા. ૨૯-૦૪-૨૦૧૬ અને તા. ૦૭-૦૭-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૬/૮૪૨/ઘ.

(૩) સા.વ.વિ./પ્રોટોકોલનો તા.૧૫-૦૫-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૧૧/૩/ઘ.

(૪) સા.વ.વિ./પ્રોટોકોલનો તા. ૧૫-૧૦-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૯/૮૮૧૯૮૫/ઘ-પાર્ટ-૨.

## : આમુખ :

રાજ્ય સરકાર દ્વારા સરકારી અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓને વર્ષ, ૧૯૯૮ થી મોબાઇલ ફોન સુવિધા અંતર્ગત સરકારી મોબાઇલ સીમ કાર્ડની સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલમાં, અત્રેના ઉપર જણાવેલ વિવિધ ઠરાવોમાં સમાવિષ્ટ પદાધિકારીશ્રીઓ તથા રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓને સરકારી મોબાઇલ સીમ કાર્ડની સુવિધા એર ટોક ટાઇમની મર્યાદામાં મંજૂર કરવામાં આવેલ છે. મોબાઇલ ફોન સુવિધા અંગે રાજ્ય સરકાર અને વોડાફોન આઇડિયા લી. વચ્ચે કરાર કરી, તે અંગેનો તા. ૧૫-૧૦-૨૦૧૮ ના રોજ અત્રેથી ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં, માસિક ભાડાની રકમ સાથે કોલ્સ સંપૂર્ણપણે ફ્રી કરવામાં આવેલ છે અને ડેટા પ્લાનના દરોમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવેલ છે. અત્યાર સુધી માસિક એર ટોક ટાઇમની મર્યાદામાં મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરવામાં આવેલ છે પરંતુ હવેથી કોલ્સ સંપૂર્ણપણે ફ્રી થયેલ છે તેમજ ડેટાના દરોમાં પણ નોંધપાત્ર ઘટાડો થયેલ હોવાથી અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ એર ટોક ટાઇમમાં ફેરફાર કરવાની અને માસિક એર ટોક ટાઇમને બદલે નવેસરથી માસિક યુસેજ વેલ્યુ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨ અગાઉના ઠરાવો મુજબ રાજ્ય સરકારના ઉપસચિવશ્રીઓ અને સેકશન અધિકારીશ્રીઓને આ સુવિધા પુરી પાડવામાં આવતી ન હતી. જ્યારે તેને સમકક્ષ અન્ય સંવર્ગમાં આ સુવિધા પુરી પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના ઉપસચિવશ્રીઓ અને સેકશન અધિકારીશ્રીઓની રાજ્ય સ્તરે વિસ્તરેલ કામગીરી ધ્યાને લઇને તથા કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની રજૂઆતના સંદર્ભે તેઓ હસ્તકના અને જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા કેટલાક અધિકારીશ્રીઓની અગત્યની કામગીરીને ધ્યાને લઇ, તેઓને પણ સરકારી મોબાઇલ સીમ કાર્ડની સુવિધા પુરી પાડવાની બાબત પણ સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## : ઠરાવ :

સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે રાજ્યના તમામ ઉપસચિવશ્રીઓ અને સેકશન અધિકારીશ્રીઓ તથા આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબના, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકના અને જિલ્લા કક્ષાએ ફરજ

બજાવતા અધિકારીશ્રીઓને, મોબાઇલ હેન્ડસેટ મંજૂર નહિં કરવાની શરતે, સરકારી મોબાઇલ સીમ કાર્ડની સુવિધા નીચે દર્શાવેલ પત્રકની વિગતો મુજબ મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે. ઉક્ત અધિકારીશ્રીઓને મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરવાની સત્તા સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીની રહેશે.

૨. જે સરકારી અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓને અત્રેના ઠરાવો મુજબ, સરકારી મોબાઇલ સીમ કાર્ડ સુવિધા મળવાપાત્ર થાય છે અને પ્રસ્તુત ઠરાવથી જે સરકારી અધિકારીશ્રીઓને સરકારી મોબાઇલ સીમ કાર્ડની સુવિધા મંજૂર કરવામાં આવેલ છે તે તમામને હવે પછી માસિક એર ટોક ટાઇમને બદલે નીચેના પત્રકના કોલમ-(૩) માં દર્શાવ્યા મુજબની માસિક યુસેજ વેલ્યુ મળવાપાત્ર રહેશે :

| ક્રમ. (૧) | હોદ્દો (૨) | માસિક યુસેજ વેલ્યુ મર્યાદા (રુપિયા) (૩) |
|---|---|---|
| ૧. | માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી/ માન. અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રી, જી.એલ.એ./માન. નાયબ મુખ્યમંત્રીશ્રી/માન. મુખ્ય ન્યાયાધીશ અને ન્યાયાધીશશ્રીઓ / લોકાયુક્તશ્રી/માન. મંત્રીશ્રીઓ અને તેની સમકક્ષ પદાધિકારીશ્રીઓ / વિજીલન્સ કમિશ્નરશ્રી / માન. વિરોધપક્ષના નેતાશ્રી / મુખ્ય સચિવશ્રી / મુખ્ય માહિતી કમિશ્નરશ્રી / માહિતી કમિશનરશ્રીઓ / ચેરમેન, માનવ અધિકાર આયોગ / સચિવશ્રી, માનવ અધિકાર આયોગ / ચેરમેન, ગુજરાત જાહેર સેવા આયોગ. | અનલિમિટેડ |
| ૨. | અધિક મુખ્ય સચિવશ્રીઓ/બધા ડી.જી.પી./અગ્ર સચિવશ્રી / સચિવશ્રી/ ઓફીસર્સ ઇન સુપર ટાઇમ સ્કેલ/કમિશનર ઓફ ફ્લડ કંટ્રોલ/કમિશનર ઓફ પોલીસ/ કમિશનર ઓફ રીલિફ/ ખાસ સચિવશ્રી/એડી. ડી.જી.પી. / આઇ.જી./ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી / અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી. | ૧૫૦૦/- |
| ૩. | કલેક્ટર / ડી.ડી.ઓ. / ડી.આઇ.જી. /મુખ્ય વન સંરક્ષકશ્રી / એસ.પી. | ૧૦૦૦/- |
| ૪. | ખાતાના વડાઓ કે જેઓનો ઉપરના સંવર્ગમાં સમાવેશ ન થતો હોય. | ૬૦૦/- |
| ૫. | અધિક કલેક્ટર / એસ.ડી.એમ. અને જેમને મોબાઇલ સીમ કાર્ડની સુવિધા મળવાપાત્ર છે અને જેમનો મૂળ પગાર રૂ. ૭૮,૮૦૦/- કે તેનાથી વધારે હોય તેવા નાયબ સચિવ અને નાયબ સચિવ સમકક્ષ કે તેનાથી ઉપરની કક્ષાના વર્ગ-૧ ના અધિકારીશ્રીઓ. | ૫૦૦/- |
| ૬. | જેમને મોબાઇલ સીમ કાર્ડની સુવિધા મળવાપાત્ર છે અને જેમનો મૂળ પગાર રૂ. ૪૪,૯૦૦/- કે તેનાથી વધારે હોય પરંતુ રૂ. ૭૮,૮૦૦/- થી ઓછો હોય તેવા સેકશન અધિકારી અને સેકશન અધિકારી સમકક્ષ કે તેનાથી ઉપરની કક્ષાના વર્ગ-૨ તથા વર્ગ -૧ ના અધિકારીશ્રીઓ. | ૩૫૦/- |
| ૭. | જેમને ખાસ કિસ્સામાં અત્રેથી સરકારી મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરવામાં આવેલ હોય તેવા અન્ય અધિકારીશ્રીઓ / કર્મચારીઓ. | ૨૦૦/- |
| ૮. | જેમને ખાસ કિસ્સામાં અત્રેથી સરકારી મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરવામાં આવેલ છે અને જેમને ડેટાનો ન્યુનતમ ઉપયોગ કરવાનો થાય છે તેવા કર્મચારીઓ. | ૧૨૫/- |

૩. આ માસિક યુસેજ વેલ્યુમાં માસિક ભાડા તેમજ ઇન્ટરનેટ સુવિધાનો સમાવેશ થશે અને તેના ઉપર સમયાંતરે લેવામાં આવતો ટેક્ષ માસિક યુસેજ વેલ્યુ ઉપરાંત મળવાપાત્ર રહેશે. આ અંગેના દરો અત્રેથી કરવામાં આવેલ તા. ૧૫-૧૦-૨૦૧૮ ના ઠરાવના દરો મુજબ મળવાપાત્ર રહેશે.

૪. આ ઠરાવથી જેમને સરકારી મોબાઇલ સીમ કાર્ડ મળવાપાત્ર થાય છે તેવા અધિકારીશ્રીઓ પૈકી કોઇ અધિકારી દ્વારા અન્ય કોઇ જાહેર ફંડમાંથી ખર્ચ પડે તે રીતે મોબાઇલ ફોન સુવિધા મેળવેલ હોય તો આવા અધિકારીશ્રીને આ રીતે મેળવેલ મોબાઇલ ફોન સુવિધા ચાલુ રાખવાનું અથવા આ ઠરાવ અન્વયે મળવાપાત્ર મોબાઇલ ફોન મેળવવાનો વિકલ્પ રહેશે.

૫. પરિશિષ્ટ-અ માં દર્શાવેલ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકના અને જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓની સંખ્યા અંદાજીત છે. આથી નવા જિલ્લાની સંખ્યાને અનુલક્ષીને અધિકારીશ્રીઓની અંદાજીત સંખ્યામાં ફેરફાર થવા પાત્ર હોઇ, વાસ્તવિક સંખ્યા મુજબના અધિકારીશ્રીઓને મોબાઇલ ફોનની સુવિધા મંજૂર કરવાની રહેશે.

૬. સરકારી સેવામાંથી વય નિવૃત્તિ બાદ કરવામાં આવતી કરાર આધારિત નિમણૂંકના કિસ્સાઓમાં, તેઓ સરકારી સેવામાં હતા અને વયનિવૃત્તિ સમયે જે દરે મોબાઇલ ફોન સુવિધા પુરી પાડવામાં આવેલ હતી તે જ દરે, કરાર આધારિત નિમણૂંકના સમયગાળા દરમ્યાન મોબાઇલ સીમ કાર્ડ સુવિધા ચાલુ રાખી શકાશે અને આ અંગેની સત્તા, તે મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૭. સરકારી સેવામાંથી વય નિવૃત્તિ બાદ, અધિકારીશ્રીને સરકારી મોબાઇલ સીમ કાર્ડ અંગત ઉપયોગ માટે મંજૂર કરવાના કિસ્સાઓમાં, વય નિવૃત્તિ સમયે જે મોબાઇલ સીમ કાર્ડ ઉપયોગમાં હોય તે મોબાઇલ સીમ કાર્ડ અંગત ઉપયોગ માટે સ્વખર્ચે મંજૂર કરી શકાશે અને આ અંગેની સત્તા તે મોબાઇલ સીમ કાર્ડ મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીની રહેશે. જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ કે જેમને હોદ્દા જોગ મોબાઇલ સીમ કાર્ડ ફાળવવામાં આવેલ છે તેવા કિસ્સાઓમાં, બદલી, બઢતી કે વય નિવૃત્તિ બાદ તે મોબાઇલ સીમ કાર્ડ સંબંધિત કચેરીમાં જમા કરાવવાનું રહેશે.

૮. અત્રેના જુદા જુદા ઠરાવોથી તથા પ્રસ્તુત ઠરાવથી જે અધિકારીશ્રીઓને મોબાઇલ સીમ કાર્ડની સુવિધા મંજૂર કરવામાં આવી છે, તે અધિકારીશ્રીઓ માટે સંબંધિત વહીવટી વિભાગે, વોડાફોન આઇડિયા લિમિટેડ પાસેથી ૬૩૫૭૧...... સીરીઝના મોબાઇલ સીમ કાર્ડ મેળવી લેવાના રહેશે અને ફાળવેલ મોબાઇલ સીમ કાર્ડ અંગેની વિગતો સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) ને તુરંત નીચે મુજબના ફોર્મેટમાં સંકલિત કરીને મોકલવાની રહેશે.

| અ.નં. | વિભાગનું નામ | અધિકારીશ્રીનું નામ અને હોદ્દો | ફાળવેલ મોબાઇલ નંબર અને સીમકાર્ડ નંબર | મોબાઇલ ફાળવણીના હુકમનો નંબર અને તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

૯. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ સવિનય રવાના :
માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માનવ અધિકાર આયોગ, જુની વિધાનસભા, સેકટર-૧૭, ગાંધીનગર.
સચિવશ્રી, લોકાયુકતની કચેરી, સેકટર-૧૦-બી, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રીના સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦-બી, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો (તેમની હસ્તકના બોર્ડ / કોર્પોરેશન, ખાતાના વડા અને કચેરીને જાણ કરવાની વિનંતી સહ).
સર્વે જિલ્લા કલેકટરશ્રી.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ, ઠરાવ GSWAN અને GAD ની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
પસંદગી ફાઇલ.
જનરલ મેનેજર (ગવર્નમેન્ટ સેલ્સ), વોડાફોન આઇડિયા લિ., અમદાવાદ.

(તા. ૦૧-૦૩-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૬/૮૪૨/ઘ-પાર્ટ ફાઇલનું બિડાણ)
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકના અને જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓની વિગત

## પરિશિષ્ટ-અ

### પત્રક – ૧

### નવા સીમકાર્ડ ફાળવવા પાત્ર મદદનીશ કમિશ્નરશ્રીઓની વિગત.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | વર્ગ | કાર્યક્ષેત્રનો જીલ્લો |
|---|---|---|---|
| ૧ | મદદનીશ કમિશ્નરશ્રી, અમદાવાદ | ૧ | અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ |
| ૨ | મદદનીશ કમિશ્નરશ્રી, રાજકોટ | ૧ | રાજકોટ, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર, જામનગર, મોરબી |
| ૩ | મદદનીશ કમિશ્નરશ્રી, ભાવનગર | ૧ | ભાવનગર, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર |
| ૪ | મદદનીશ કમિશ્નરશ્રી, છોટાઉદેપુર | ૧ | છોટાઉદેપુર |
| ૫ | મદદનીશ કમિશ્નરશ્રી, વડોદરા | ૧ | વડોદરા |
| ૬ | મદદનીશ કમિશ્નરશ્રી, ભરૂચ | ૧ | ભરૂચ |
| ૭ | મદદનીશ કમિશ્નરશ્રી, રાજપીપળા | ૧ | નર્મદા |
| ૮ | મદદનીશ કમિશ્નરશ્રી, વલસાડ | ૧ | વલસાડ |
| ૯ | મદદનીશ કમિશ્નરશ્રી, નવસારી | ૧ | નવસારી |
| ૧૦ | મદદનીશ કમિશ્નરશ્રી, સુરત | ૧ | સુરત |
| ૧૧ | મદદનીશ કમિશ્નરશ્રી, તાપી | ૧ | તાપી |
| ૧૨ | મદદનીશ કમિશ્નરશ્રી, દાહોદ | ૧ | દાહોદ |
| ૧૩ | મદદનીશ કમિશ્નરશ્રી, ગોધરા | ૧ | પંચમહાલ |
| ૧૪ | મદદનીશ કમિશ્નરશ્રી, મહીસાગર | ૧ | મહીસાગર |
| ૧૫ | મદદનીશ કમિશ્નરશ્રી, અરવલ્લી | ૧ | અરવલ્લી |
| ૧૬ | મદદનીશ કમિશ્નરશ્રી, સાબરકાંઠા | ૧ | સાબરકાંઠા |
| ૧૭ | મદદનીશ કમિશ્નરશ્રી, બનાસકાંઠા | ૧ | બનાસકાંઠા, મહેસાણા, પાટણ |

(તા. ૦૧-૦૩-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : સીઇએલ/૧૦૨૦૦૬/૮૪૨/ઘ-પાર્ટ ફાઇલનું બિડાણ)

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકના અને જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓની વિગત

## પત્રક – ૨

નવા સીમકાર્ડ ફાળવવા પાત્ર આદિજાતિ વિકાસ અધિકારીશ્રીઓની વિગત.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | વર્ગ | કાર્યક્ષેત્રનો જીલ્લો |
|---|---|---|---|
| ૧ | આદિજાતિ વિકાસ અધિકારી, ડાંગ આહવા- | ૨ | ડાંગ |
| ૨ | આદિજાતિ વિકાસ અધિકારી, કચ્છ ભુજ- | ૨ | ભૂજ |
| ૩ | આદિજાતિ વિકાસ અધિકારી, દાહોદ (આશ્રમશાળા) | ૨ | દાહોદ, પંચમહાલ, મહીસાગર |
| ૪ | આદિજાતિ વિકાસ અધિકારી, તાપી (આશ્રમશાળા) | ૨ | તાપી |
| ૫ | આદિજાતિ વિકાસ અધિકારી, રાજપીપળા (આશ્રમશાળા) | ૨ | નર્મદા |
| ૬ | આદિજાતિ વિકાસ અધિકારી, વલસાડ (આશ્રમશાળા) | ૨ | વલસાડ, નવસારી, ડાંગ |
| ૭ | આદિજાતિ વિકાસ અધિકારી, ખેડબ્રહ્મ (આશ્રમશાળા) | ૨ | સાબરકાંઠા, અરવલ્લી |
| ૮ | આદિજાતિ વિકાસ અધિકારી, ગાંધીનગર (આશ્રમશાળા) | ૨ | ગાંધીનગર, બનાસકાંઠા તથા સૌરાષ્ટ્રના જીલ્લાઓ |
| ૯ | આદિજાતિ વિકાસ અધિકારી, સુરત (આશ્રમશાળા) | ૨ | સુરત |
| ૧૦ | આદિજાતિ વિકાસ અધિકારી, છોટાઉદેપુર (આશ્રમશાળા) | ૨ | છોટાઉદેપુર, વડોદરા |

## પત્રક – ૩

નવા સીમકાર્ડ ફાળવવા પાત્ર ખાતાના વડાની કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓની વિગત.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | વર્ગ | કાર્યક્ષેત્ર |
|---|---|---|---|
| ૧ | સંયુકત કમિશ્નરશ્રી (વહીવટ) | ૧ | રાજય કક્ષા |
| ૨ | સંયુકત કમિશ્નરશ્રી (બીસીકે) | ૧ | રાજય કક્ષા |
| ૩ | નાયબ કમિશ્નરશ્રી (આંકડા બ્યુરો) | ૧ | રાજય કક્ષા |
| ૪ | સંયુકત નિયામકશ્રી (એફ.આર.એ.સેલ ). | ૧ | રાજય કક્ષા |
| ૫ | નાયબ કમિશ્નરશ્રી . (હિસાબ) | ૧ | રાજય કક્ષા |
| ૬ | નાયબ કલેકટરશ્રી (એફ.આર.એ.સેલ). | ૧ | રાજય કક્ષા |

જ્વ.ન.ત્રિવેદી

( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર